# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

નાદાન એવો છું કે છળને ગૂગલ કરું છું.
લૂંટાઈને પછી હું ઠગને ગૂગલ કરું છું !

ક્યારેક કંઇક ખુલશે ને મળશે એ અચાનક,
હું આવનારી પ્રત્યેક પળને ગૂગલ કરું છું.

માહિતીનો છું આશિક ઉત્સાહ પણ છે કેવો!
દરિયો થવું છે તેથી જળને ગૂગલ કરું છું

આ છે અભાવની હદ કે પામવાનું ઘેલું ?
હું વૃક્ષ નીચે બેસી ફળને ગૂગલ કરું છું.

- અશરફ ડબાવાલા

## પાથેય

- રમેશ ઠક્કર

### જળને ગૂગલ કરવાની વાત !

સતત કશુંક ફંફોસતું માણસનું મન કોઇક એવા ઓજારની શોધમાં હતું જે એને બધું તુરત જ જણાવી શકે..ગૂગલ એ એવી ઇચ્છામાંથી અવતરેલું ઉપકરણ છે.જે માણસને ચપટીકવારમાં ચારેય દિશાઓના વાવડ આપી શકે છે.પહેલાંના સમયમાં પરસ્પર વાતો થકી અખબાર કે રેડિયો જેવાં માધ્યમો થકી માણસ નવું જાણવાની પોતાની જિજ્ઞાસાને સંતોષી શકતો..એ પછી ટી.વી જેવું નવું ઉપકરણ આવ્યું..સમયાંતરે ઉતરેલી સોશ્યલ મીડિયાની જાદૂઈ દુનિયાએ તો આખી વાતને આસાન બનાવી દીધી છે..માણસને જે કંઈ જાણવું હોય એ બધું જ આંગળીના ટેરવે ઉપલબ્ધ છે.ગૂગલ એ માણસનો એવો સધિયારો છે જે હવે એનું અભિન્ન અંગ બની ગયું છે.ગૂગલ કરવું એટલે ગૂગલ ઉપરથી શોધવું. માણસ શું શોધે છે ? એની એ પ્રવૃત્તિ એટલી સીધી સાદી હોતી નથી.ગૂગલ ઉપર પણ એ છળ શોધે છે ! એ રીતે લૂંટાઈ ગયા પછી એ કોઇક ઠગને ગૂગલ કરે છે ! માધ્યમ ગમે તે હોય માણસની વૃત્તિઓ સદૈવ એની એ જ રહે છે !

સતત ખરખરો કરતા રહેવું એ માણસનો સ્વભાવ છે.એવું કહેવાય છે કે પઢતા પંડિત નીપજે.જે માણસ સતત પૂછતો રહે છે એને જ રસ્તો મળે છે. શોધવાની માણસની આ તાલાવેલી એને ક્યાંથી ક્યાં સુધી લઈ જાય છે ? ક્યારેક કશુંક મળી જશે પોતાની વાત નો પડઘો પડશે,કંઈક દિશા ખુલશે એવો આશાવાદ એને જીવાડે છે.એ માટેની પ્રથમ શરત છે કે પોતાને મળેલી પ્રત્યેક પળને સતત સંકોરતા રહેવું.કવિ આજની આધુનિક ભાષામાં કહે છે કે હું પ્રત્યેક પળને ગૂગલ કરું છું !

આજના માણસની મોટી સમસ્યા માહિતીનો વરસતો ધોધ છે.એની ચોતરફ એટલા બધા માહિતીના સ્ત્રોત પડ્યા છે કે સાચું શું ? અને ખોટું શું ?પોતાને ઉપયોગી શું ?પોતાના માટે નકામું શું ? એ માયાજાળ સમજવી મુશ્કેલ બની જાય છે.એવી વિવેક બુદ્ધિ કેળવવી એ આજની તાતી જરૂરિયાત છે.માણસ દરિયાનો વ્યાપ પામવાની મહેચ્છા રાખે છે. પરંતુ ગૂગલ ઉપર એ જળની જાણકારી મેળવવાનો પ્રયાસ કરે છે ! આકાશનો વ્યાપ વાદળીની છટાથી ના માપી શકાય,એમ દરિયાને જાણવો હોય તો ફક્ત જળને ગૂગલ કરવાથી એ કઈ રીતે શક્ય બને ?

આપણે સતત કોઈને કોઈ અભાવમાં જીવતા રહીએ છીએ.માણસનું મન સતત કશુંક પામવાની એષણા રાખે છે.અભાવની એક કશુંક પામવાની મહેચ્છા એક ઘેલછા સુધી પહોંચી જાય છે.આ ઘેલછા કેવી હોય છે ? એ કોઈ વૃક્ષની નીચે બેસીને એની ઉપર બેસતા ફળને જાણવાની તાલાવેલી રાખવા જેવી? વાત છે.એ રીતેવૃક્ષને પામવાનો જ્યારે પ્રયાસ કરે ત્યારે એકાંગી જ હોઈ શકે. કેમકે ફળ એ તો વૃક્ષના અનેક અંગો પૈકીનું એક છે.આજના માણસને ગૂગલ પાસેથી જાણવાની જે સુવિધા છે એ એક મર્યાદિત માળખામાં જ કેદ થયેલી હોય છે.ગૂગલની આ મર્યાદા ઉપર કવિને હંમેશાં વિસ્મય રહ્યા કરે છે અને પોતાની એ વાતને અવનવા સંદર્ભો સાથે એ વ્યક્ત પણ કરે છે.

# ગુજરાત વિજય : પ્રચંડ વિશ્વાસથી જવાબદારી વધી!



રજળપાટ
અજય ઉપાધ્યાય

૧૫૬ સીટના રેકોર્ડબ્રેક વિજય પછી ૮મી ની સાંજે જ્યારે દિલ્હીના ભાજપ હેડક્વાર્ટરથી મોદી બોલી રહ્યા હતા ત્યારે એમના સંબોધનમાં એક વાત મહત્વની હતી અને એ હતી યુવાનોએ ભાજપમાં મુકેલ વિશ્વાસ. મોદીનું કહેવું હતું કે લાખો એવા યુવાન મતદાતા હતા કે જેમણે ક્યારેય કોંગ્રેસનું શાસન જોયું જ નથી પણ ભાજપનું જ શાસન જોયું છે અને યુવાનો હમેશા કોઈના કહ્યા મુજબ નહીં પણ પોતે જે અનુભવે , જુએ એ મુજબ મત આપતા હોય છે અને એમનો ભાજપ પ્રતિ વિશ્વાસ એ વાતનો સંકેત છે કે યુવાનો ભાજપના શાસનથી ખુશ છે.. સંતુષ્ટ છે. હિમાચલમાં અને દિલ્હી નગર નિગમમાં ભાજપે ગુમાવેલી સત્તાની વાત ગુજરાતનાં પ્રચંડ વિજય પાછળ ઢંકાઈ ગઈ અને આ પ્રચંડ.. કલ્પનાતીત.. રેકોર્ડબ્રેક વિજયનો શંખનાદ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પણ આવા જ જોરશોરથી ગાજશે એની ધરપત ભાજપને થઈ ગઈ. કેજરીવાલ એન્ડ કંપનીના શરૂઆતી આકરા પ્રચાર અને ખુદ ભાજપમાં જ ઊભી થયેલી બાગીઓની બગાવત પછી મારા જેવા અનેકોને વિશ્વાસ હતો કે ૧૧૦-૧૩૦ સીટો સાથે ભાજપ સરકાર તો બનાવશે જ પણ આવી સુનામી આવશે એવો ખ્યાલ તો કદાચ ભાજપના લીડર્સને પણ નહીં હોય અને એથી પણ આગળ કે ૧૦૦ વર્ષ જૂની કોંગ્રેસ ૧૭ સીટોમાં સંકેલાઈ જશે અને વિધાનસભામાંથી વિરોધપક્ષનું સ્થાન પણ ગુમાવશે એવું કોણે વિચાર્યું હશે ??? અને કાગળ પર ‘ ઈશુદાન જીતે છે.. ઈટાલિયા જીતે છે.. અલ્પેશ જીતે છે.. ભાજપ જાય છે અને આપ આવે છે ‘ આવા દસ્તાવેજો કરનાર કેજરીવાલ ભલે પગપેસારો કરી ગયો પણ ખાસ કઈ ઉકાળી ના શક્યા અથવા એમ કહો ને કે ગાજ્યાં એનું ૧% પણ વરશશે નહીં એવું કેજરીવાલે પણ વિચાર્યું નહીં હોય..!!!

ઈન્ફેકટ લગભગ એક્ઝિટપોલ પણ કોંગ્રેસને ૫૦ આસપાસ સીટો આપતું હતું એવામાં કોંગ્રેસની સાથે સાથે પાંચ સીટો સાથે કેજરીવાલનું ગુજરાત વિજયનું સ્વપ્નું પણ રમણ-ભમણ થઈ ગયું. આ છે ગુજરાત અને ગુજરાતીઓના મતની તાકાત. જ્યાં દેશના મતદારોના વિચારો અટકે છે એનાથી આગળ ગુજરાતનો મતદાર જોઈ શકે છે એનું આ જવલંત ઉદાહરણ છે અને એનાથી પણ વધુ સોહામણું એ છે કે ગુજરાતને મોદી પર અતૂટ વિશ્વાસ છે. મોદી માટે હરેક ગુજરાતીના દિલમાં એક ખાસ જગ્યા છે. મોદી મુશ્કેલીમાં આવે ત્યારે ગુજરાત હમેશા એની પડખે હોય છે અને ૧૫૬નો આંક એનો પુરાવો છે. ‘ આ ગુજરાત મે બનાવ્યું છે ‘ ની સાથે સાથે એમ પણ કહી શકાય કે મોદીની સફળતામાં મહત્તમ ફાળો ગુજરાતનો છે. અને સામે છેડે મોદીએ પણ ગુજરાતને આપવામાં કશું બાકી નથી રાખ્યું. ગુજરાતમાં મોદીએ કરેલું અને એમના ગયા પછીની સરકારોએ ચાલુ રાખેલું વિકાસનું વાવેતર આ ચૂંટણીમાં પણ ભાજપને ફળ્યું છે. મોદી સાથે ગુજરાતની જનતા પોલિટીકલી નહીં પણ ઈમોશનલી પણ કનેક્ટ છે. ચૂંટણી સભાઓમાં જ્યારે મોદી હાથ પહોળા કરીને એમ પૂછે ને કે ‘ તમને મારા પર વિશ્વાસ છે ને ? ‘ ત્યારે હા રૂપે પડતો પડઘો મતપેટીઓમાં પણ પડઘાય છે એ હકીકત છે અને ૧૫૬ કમળ જીતવાનો આ શ્રેય સૌથી પહેલા મોદીને જ જાય છે. રાત-દિવસ જોયા વગર મોદીએ ગુજરાતમાં ૩ રોડ શો અને ૩૧ સભા વડે ગુજરાતની ૧૦૦ કરતાં વધુ વિધાનસભામાં પ્રચાર કર્યો અને તેમણે જ્યાં સભા કરી ત્યાં ૯૫ ટકા વિસ્તારમાં ભાજપની જીત થઈ છે. મોદીની સાથે સાથે અમિત શાહ , પાટિલ અને ભૂપેન્દ્રભાઈની સરકારના પરિશ્રમનો આ નતીજો છે. ચૂંટણી કેમ લડાય એ કોઈને શીખવું હોય તો ૨૦૨૨નું ગુજરાત ઈલેક્શન આદર્શ ટેક્સટબુક છે..!!

કોંગ્રેસની તો કોઈ વાત જ કરવા જેવી નથી. ગુજરાત જેવા મહત્વના રાજ્યમાં ચૂંટણી હોય અને રાહુલ – સોનિયા જેવા લીડરો ગંભીરતાથી ના લે ( રાહુલ ગાંધીએ માત્ર બે સભા કરી ) અને ઉપરથી પક્ષમાં કાર્યકર ઓછા અને નેતા વધુ હોય એવા કોંગ્રેસની હવે તો દયા ખાવાનું પણ મન નથી થતું. આ અગાઉના આર્ટિકલમાં લખ્યા મુજબ દિશાહીન કોંગ્રેસનો વૉટશેર આપ તોડી જ ગયું અને કોંગ્રેસના પતનના કોફિનમાં છેલ્લો ખીલો પણ મારતું ગયું એ હકીકત છે. જે કોઈપણ કોંગ્રેસના ઉમેદવારો જીત્યા છે એ ખુદની હેસિયતથી જીત્યા છે નહીં કે પાર્ટીને લીધે. હવે વાત જેણે કોંગ્રેસની આ દશામાં સિંહફાળો આપ્યો છે એ આપ ની. આરંભે શૂરાની જેમ કેજરીવાલ એન્ડ કંપનીએ ઝંઝાવાતી પ્રચાર તો કરેલો પણ પછી ગુજરાત આપના નેતાઓના ભૂતકાળના વિધાનો , ખુદ કેજરીવાલના હિન્દુ વિરોધી ઉચ્ચારણો , ગુજરાતી માનસ જાણ્યા વગર મફતની રેવડીઓ વહેચવાની મૂર્ખામી , લગભગ હાસ્યાસ્પદ લાગે એવા રાજકીય સ્ટંટ ( હીરા ઘસવા બેસી જાવું કે રિક્ષાવાળાને ઘેર જંવુ ) અને ખાસ તો સોશિયલ મીડિયામાં સુલતાન આ પક્ષનું જમીની સ્તર પર કોઈ જ નેટવર્ક નહીં અને સૌથી અગત્યનું કે ગુજરાતની જનતાએ આ અગાઉ પણ ત્રીજા પક્ષને ફેંકી દીધેલો. શુકર માનો કે આપ ને પાંચ સીટ તો આવી. હા કેજરીવાલની રાષ્ટ્રીય પાર્ટીનો દરજ્જો મેળવવાની ઈચ્છા પૂરી થઈ પણ સવાલ એ છે કે આવનારા પાંચ વર્ષમાં આ પાંચમાંથી કેટલા લોકો આપ માં રહેશે ?

લગભગ વિરોધપક્ષ વગરના પાંચ વર્ષ ભાજપને ફાળે આવ્યા છે ત્યારે આ પ્રચંડ જીત પછી ભાજપે વિરોધીઓને નબળા પાડવાને બદલે પ્રજાના પ્રશ્નો પર વધુ ધ્યાન આપવું જ પડશે. નો ડાઉટ મોદી મેજિકમાં અમુક ખરેખર સિરીયસ સવાલો ઢંકાઈ ગયેલા પણ એ ફરીથી બહાર આવે અને ભાજપ સરકારને કનડે એ પહેલા એના પર ત્વરિત ધ્યાન આપવું પડશે. મોદી હતા ત્યારે પણ અને એ પછીની સરકારોએ પણ ભ્રષ્ટાચારને નાથવા સારું કામ કર્યું છે જેને ચાલુ રાખવું પડશે. આ સીવાય ભૂપેન્દ્રભાઈની સરકાર સામે સૌથી મોટા મુદ્દા છે બેરોજગારી અને સુધારો માંગતુ શિક્ષણ અને આરોગ્ય સેવાઓ. યુવાનોના મહેનતનો જ્યાં નિચોડ થવાનો છે એવી પરિક્ષાઓના પેપર ફૂટે જ શું કામ ? એ ના જ ફૂટવા જોઈએ. આવનારા સમયમાં ભાજપ સરકારે સરકારી ભરતી અને પરિક્ષાઓની એક ફૂલપ્રૂફ સિસ્ટમ અમલમાં મૂકવી જ પડશે. પરિક્ષાઓમાં આટઆટલી ધાંધલીઓ પછી પણ યુવાનોએ ચૂંટણીમાં ભાજપ પર વિશ્વાસ મૂક્યો છે એને જો ૨૦૧૪ લોકસભા અને ૨૦૨૯ વિધાનસભા સુધી જાળવી રાખવો હોય તો સરકારી ભરતી ઝડપથી અને સંપૂર્ણ પારદર્શક રીતે કરવી જ પડશે. આવું જ કઈક શિક્ષણ અને આરોગ્ય માટે પણ ત્વરિત પગલાં લેવા પડશે. સરકારી દવાખાનાઓનો વ્યાપ વધારવો પડશે એટલું જ નહીં પણ એનું લોકભોગ્ય સંચાલન પણ કરવું પડશે. ખેડૂતોની માંગો કે સરકારી કર્મચારીની હાલ પૂરતી ટાળી ગયેલી માંગણીઓ પર પણ ગંભીરતાથી એક્ષણ લેવા પડશે. રાજકીય મોરચે કોંગ્રેસ તો લગભગ નાબૂદ થઈ ગઈ છે પણ આપ નો પગપેસારો ભવિષ્યમાં નડે નહીં એ માટે પગલાં લેવા પડશે. હવે કોંગ્રેસનું સ્થાન આપે લઈ લીધું છે એમ કહી શકાય અને એનો વ્યાપ વધે એ પહેલા અટકાવવું જરૂરી બનશે એટલું જ નહીં પણ અધધધ ૧૫૬ ધારાસભ્યોને યથાયોગ્ય રીતે સાચવવાનો પણ પડકાર રહેશે. ચૂંટણી વખતે બાગીઓ ઊભા થયેલા એ હવેના શાસનમાં ઊભા ના થાય એ માટે બોર્ડ-નિગમ અને પ્રધાનપદા આપવામાં ધ્યાન રાખવું પડશે. હવે કોઈ રાજકીય મજબુરી નહીં હોવાથી શિક્ષણ – આરોગ્ય – બેરોજગારી – મોંઘવારી જેવા લોકોને સ્પર્શતા મુદ્દાઓ અને રસ્તા-પાણી-ગટર જેવી બુનિયાદી સુવિધાઓ પર વધુ ધ્યાન આપવું પડશે. પાંચ વર્ષોમાં લોકકલ્યાણના કામો વધુ કરવા પડશે. નો ડાઉટ પાટીદારો પર ભાજપે વધુ મદાર રાખેલો અને એનો પડઘો પણ પાટીદારોએ પાડ્યો પણ ભાજપ એ ના ભૂલે કે પાટીદારો સીવાય પણ બીજી જ્ઞાતિઓએ ભાજપને વધાવ્યો છે તો એમની મુશ્કેલીઓ – પ્રશ્નોનો ઉકેલ પણ કરતો રહેવો પડશે. હજુ પણ ગુજરાતનાં ઘણા ગામો પીવાના પાણી અને વીજળી કે ટ્રાન્સપોર્ટેશનથી વંચિત છે એને જ્યારે સઘળી સુવિધાઓ મળશે ત્યારે જ સૌનો સાથ સૌનો વિકાસ ખરેખર થયો ગણાશે. પ્રજાએ પ્રચંડ વિશ્વાસ મૂક્યો છે જેને લીધે ભાજપ સરકારની પ્રજા પ્રતિ જવાબદારી વધી જાય છે , આ વિશ્વાસ વ્યર્થ જાય નહીં અને આ પ્રચંડ લોકમત પ્રજાની જ સુખાકારીમાં ઉપયોગમાં લેવાય એ જ આ ક્ષણે ગુજરાતની જનતાની નવી સરકાર પાસે આશા અને અપેક્ષા રહેવાની..!!!

- akurjt@gmail.com

# એક યાદગાર મુલાકાત...



હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

સત્યવાક્ય સૂર્યના શિયાળું તાપમાં ચંદ્રંભદ્ર સ્વયંસન્માનિત ખટપટચંદ્રની મુલાકાતે આજે બીજા દિવસે ઉત્સાહભેર જઈ રહ્યા હતા. એમને મઝા એ વાતની હતી કે આ મહાશયે પોતાના વખાણ કરવાની જવાબદારી સ્વશિરે ઉઠાવી છે. આજે ચંદ્રંભદ્રના મનમાં ઉમંગ એટલા માટે હતો નિંદાને બદલે કલામય કર્ણકોતરકામયનિંદા અને વમળાયેલ વખાણમાં વહીવટ જેવા પારલૌકિક અનુભવોના એંધાણ આવ્યા છે. ગઈકાલે ’પોતે અત્યંત અગત્યના વ્યક્તિ’ છે એનું જે પુરશ્ચરણ સાંભળ્યું એના કારણે આજે ચંદ્રંભદ્રને મોટી આશા જાગી છે. મનોમન એ બબડી રહ્યા હતા, ’જે લોકો આવા મનુષ્યોને નથી મળ્યા એમને આ વહીવટમાં વહેતા વટ અને જળ જેવા વહેતા ઝટપટ જેવા શબ્દો કેવી રીતે અનુભવી શકે..’ દૈવયોગે મને આ મસ્તિષ્કપ્રશુદ્ધિની તક મળી રહી છે. હવે, મારે વેદિયા બનીને આનો કોઇ સંદર્ભ સ્કંધપુરાણ કે પદ્મપુરાણમાંથી નથી મેળવવો કેવળ ધન્યતા અનુભવવી છે.’

ફરી, ચંદ્રભદ્ર અને નિરંજન ખટપટચંદ્રની ચેમ્બર આગળ આવીને ઉભા હતા. એક પટાવાળો આંખો ખુલ્લી રાખી ખુરશી પર પોતે જાગેલો છે એવું બતાવવા તત્પરતા અને આળસ એકસાથે પ્રગટ કરતો હતો. ત્યાં જ ટાઈ-કોટમાં સ્વયંસન્માનિત ખટપટચંદ્ર આવ્યા. ત્રણેક જણાએ લોબીમાં કચવાતા મને ઉભા થઈને એમને સન્માન આપ્યું. ઘડિયાળના ડાયલ જેવું ગોળ મોં ધારણ કરનાર આ ભાઇની ટાઈ એટલી સીધી હતી કે જોનારને ખ્યાલ આવે કે સાડાદશ થયા છે. એ અંદર પહોંચ્યા. ચંદ્રંભદ્રના નમસ્તેની એમને નોંધ લીધેલી એટલે તરત જ અંદર બોલાવ્યા, " હું તો તમને ગુડ-મોર્નિંગ કહેવાનો હતો પણ અમને મળવા આવનાર મુલાકાતીની કુંડળીનો ખ્યાલ હોય જ ! એટલે સુપ્રભાતં..." ચંદ્રંભદ્ર સંતૃપ્ત આંખોથી જોતા હતા ત્યારે એસકે ચસ્વયંસન્માનિત ખટપટચંદ્ર એ પોતાનું લઘુ પ્રાસ્તાવિક ચાલું રાખ્યું, " મિ. ચંદ્રભદ્ર તમને ખ્યાલ નહીં હોય પણ સરકારમાં બહુ તૈયાર રહેવું પડે છે. આજે સવારે જ મારી પત્નીને ચા પીતાં પીતાં મેં કહ્યું કે આજે ઘણા દિવસે મારા જેટલા આઈક્યુવાળો કોઇ માણસ મને મળવાનો છે.." ચંદ્રંભદ્રને પ્રશ્ન પુછવો કે અચંબિત રહેવું એ વિશે કિંકર્તવ્યમૂઢતા જેવું લાગવા લાગ્યું, એટલે સંમતિસૂચક એક લુચ્ચું સરકારી સ્માઈલ વહેવડાવ્યું. એસકેના મનમાં અતિઉત્સાહ એટલા માટે પ્રગટ્યો કે આવી ફેક-સ્માઈલની પ્રથા ચંદ્રંભદ્ર જેવા વિદ્વાનને તો ના જ આવડે એમ માની એસકે એ પોતાનો મૂડ બનાવી લીધો.

ચંદ્રંભદ્રે હિમ્મત કરીને કહ્યું, ’સર ! અદભુત વાત છે, તમારા જેવા અણીદાર બુદ્ધિવાળા માણસોથી જ આપણો દેશ ઉજળો છે..’ આવું બોલ્યો ત્યારે ચંદ્રંભદ્રના ગાંધીનગરના પ્રવાસે આવેલા મનમાં ’અણીદાર બોલતી વખતે પેન્સિલની અણી કાઢવાનો અને ઉજળો શબ્દના ઝબકારની પાછળ કોલસાસ્કેમની અંધારી છાપ ઉપસી આવે છે. ચંદ્રંભદ્રને લાગ્યું કે આ બોલ થોડો ખોટો નંખાઈ ગયો, પણ હવે શું ? કોઇ અંગ્રેજ લેખકે ક્રિકેટને જીવન સાથે સરખાવ્યું છે પણ ચંદ્રંભદ્રને આજે સમજાયું કે ખેલાડી તરફ નંખાયેલો બોલ અને સરકારી અધિકારી આગળ બોલાયેલો બોલ પાછો ખેંચી શકાતો નથી પણ એની પંચાત અનેક લોકો કરતા રહે છે. પણ હવે ખટપટચંદ્રને રોકવા મુશ્કેલ હતા.

ચંદ્રંભદ્રની જિજ્ઞાસુ-મુદ્રા જોઇને તે બોલી ઉઠ્યા. ’લોકોને એવું લાગે છે કે સરકારમાં ગમે એવા લોકો ચાલે, પણ એવું નથી. મને ગોલ્ડમેડલ મળતાં મળતાં રહી ગયેલો... !! ’ ચંદ્રંભદ્રને એમ થયું કે આ ક્ષણને ઝડપી લેવા જેવી છે, એટલે એમને કહ્યું, ’ આ ચુંટણીમાં હોય છે તેમ તમારા વિજેતા વિદ્યાર્થી અને તમારી વચ્ચે કેટલા માર્કસનો તફાવત રહેલો ? ’ એસકે બોલી ઉઠ્યા, ’માત્ર દશ ટકાનો.. !’ ચંદ્રંભદ્રને ધ્રાસકો પડ્યો, નિરંજન નીચું જોઇ ગયો. એસકે એ ચાલું રાખ્યું, ’જેને ગોલ્ડમેડલ મળેલો એ માણસ અત્યારે કારકુન છે અને હું આવડો મોટો અમલદાર ! ચંદ્રંભદ્રજી, એક વખત ટકા આવે એટલે તમે ટકાઉ નથી બની જતા...જીવનમાં ડગલે ને પગલે પરીક્ષા આવે છે. મારી જ વાત કરું તો મેં આવડી ટુંકી લાઈફમાં છવ્વીસ જાહેર અને ત્રીસ ખાનગી પરીક્ષાઓ આપી છે અને પાસ થયો છું.’ નિરંજનને ભય લાગ્યો કે હવે આ સાહેબની આખી બાયોગ્રાફી ત્રીસમીવાર સાંભળવી પડશે. પણ ચંદ્રંભદ્રે સામે બોલ નાંખ્યો મેં પણ છોત્તેર પરીક્ષાઓ અને સાત મેડલ મેળવ્યા છે. સામસામે વખાણે ચઢેલા બે મહાનુભાવોને જોઇ નિરંજનને થોડી રાહત થઈ પણ બહું ટકી નહીં... કારણ હવે ખટપટચંદ્ર પોતાનું ’સ્વયંસન્માનિત’ એવું બિરૂદ સાબિત કરવાના મુડમાં જણાતા હતા. અને ચંદ્રંભદ્ર માનતા કે નાગરિકો એ સરકારી પેશકદમીનો સામનો કરવો જોઇએ.

ચંદ્રંભદ્ર પોતે બહુ પ્રસન્ન નથી એવું બતાવીને કશું કહેવા જતા હતા ત્યાં જ ખ.ચંદ્ર બોલ્યા, ’જુઓ, મિત્ર... અમારે ખાંડાની ધારપર ચાલવાનું હોય છે.. ક્યારે શું થઈ જાય તે કહેવાય નહીં.. અને એટલે અમારા તમારી જેમ ઠેર ઠેર સન્માન સમારંભો ના હોય, અમને એની પડી પણ ના હોય.. ! કોઇ ઉચ્ચ પદાધિકારી કે મિનિસ્ટરનું સ્માઈલ મળી જાય તો પણ ચાલે.. ’ ચંદ્રંભદ્ર સાંભળે છે તેવું ધારીને એમણે કહેવાનું ચાલું રાખ્યું, "પરમ દિવસે જ એક બહુ મોટા સેક્રેટરીએ મારી વાત કરી કે મેં કેવી રીતે એક ઉદઘાટન સમારંભ પાર પાડેલો... " મેં સમજાવી દીધું કે વર્ચ્યુઅલ ઉદઘાટન કરો, આ જમાનામાં મોડર્ન દેખાશો... ’ એ માની ગયા અને અડધા બનેલા મકાનનું આખું ઉદઘાટન કરાવ્યું.. "

મંત્રીશ્રીના કાનમાં સમજાવી પણ દીધું કે ચારજણાથી સાચવવું, બે એવા કે સાવ મીઠું બોલે છે અને બે એવા કે જે બોલતા જ નથી." ચંદ્રંભદ્રે પ્રતિપ્રશ્ન કર્યો, " તો શું વચ્ચે માપનું બોલે એવા લોકો પણ આ પ્રોફેશનમાં હોય છે ?" ખટપટચંદ્રે કહી દીધું, ’ના , હોય પણ શોધવા પડે ! અમારા જેવા ખુણામાં બેઠા બેઠા દેશ માટે જીવતા હોઇએ છીએ....

# ઈમોશનલ ડિપેન્ડન્સી - એક વ્યસન...



પમરાટ
મિત્તલ પટેલ

ક્યારેક કોઇ પદાર્થ, ભાવ, સબંધ જોડે આપણે એટલા બધાં આસક્તિથી જોડાઈ જતા હોઈએ છે કે સાચું જોવાની હિંમત, દ્રષ્ટિકોણ આપણી જતી રહે છે. ત્યારે વાસ્તવિકતાને પચાવવાની તાકાત પણ આપણી જતી રહે છે. એક આભાસી કાલ્પનિક સરનામે આપણે આપણી બધી ઉર્જા ખર્ચતા હોઈએ છે. જ્યાં કંઈ જ પડઘો કે અર્થ મળવાનો નથી હોતો. આ આસક્તિ આપણને નથી છૂટવા દેતી નથી જીવવા દેતી. વ્યક્તિગત એનું પ્રમાણ ઓછું વધારે હોઈ શકે. પણ દરેક વ્યક્તિની તકલીફ, પીડા પાછળ આ પરિબળ જ મુખ્યત્વે જવાબદાર હોય છે. માણસ આજે માણસાયત ભુલે છે. સ્વાર્થમાં રગદોળાઈ છે અને તે પોતાના નીજી મતલબ સાથે જ્યાં ને ત્યાં વર્તન કરતો હોય છે. ત્યારે આ આસક્તિ આપણને આપણાથી વિમુખ લઈ જાય છે. આપણે આપણાં અંતરાત્માના અવાજને પણ અવગણીને મૃગજળ પાછળ ભાગતા હોઈએ છીએ.આવા મૃગજળસમ સંબંધો, મિલકત, મહત્વકાંક્ષાઓ આપણને ભીતરથી લાગણીશૂન્ય કરી નાખે છે.

માનસિક અને ઈમોશનલ ડિપેન્ડન્સીથી જ્યારે આપણે પર થઈ શકીશું ત્યારે જ સાચાં અને ખોટા વચ્ચેનો ભેદ સમજી શકીશું. તહેવારે તહેવારે જ્યારે વ્યવહાર બદલાતા હોય ત્યાં સ્થિરતાની અપેક્ષા રાખવી તે સ્વબુદ્ધિનું અપમાન છે. જ્યાં આપણું સન્માન ન જળવાતું હોય ત્યાં પોતાનાપણાનુ "પોત" કઈ જ કામ લાગતું નથી . સોનાની થાળીમાં મૂકેલ કાંકરા કઈ ખવાય નહીં. તે જ રીતે ગમે તેટલો સમૃદ્ધ ભાવ પણ ખોટી જગ્યાએ રોકેલ હોય તો ત્યાંથી ઉઠાવી લેવામાં જ સાચું તત્વજ્ઞાન છે.

માણસ એ ઈશ્વરની એવી કૃતિ છે જે સંવેદનાઓ, લાગણીથી ઘૂંટીને બનાવાયેલ છે. માણસને વિખૂટું પડી જવાનો ડર છે. જે તેને ડિપેન્ડેડ રહીને જીવાડતું રહે છે. આખી જિંદગી માણસ પોતાના પગ પર માત્ર આર્થિક રીતે જ નહીં, ઇમોશનલી, માનસિક રીતે પણ સ્વતંત્ર બનવું જોઈએ તો જ તેનામાં સાક્ષીભાવ, અનાસક્તિ નો ભાવ આવવો શક્ય છે.

જળકમળવત થઈને જીવવું એટલે જેમ કમળ પાણીમાં રહેવા છતાં પાણી તેને સ્પર્શતું નથી. તેવી જ રીતે દુનિયામાં રહેવા છતાં તે વસ્તુગત કે વ્યક્તિગત મોહ, લોભ,મમતથી જેની આત્મા નિર્લેપ રહે છે. નિરાવરણ રહે છે. તેનાં મન અને આત્મા પર દ્વેષભાવ ,સ્વાર્થ ,"હુ" પણુ ના આવરણ ચઢતાં નથી. તે માત્ર એક નિરપેક્ષ ભાવથી જીવે છે. "સાક્ષીભાવ" જ્યારે જીવનમાં આવે છે ને ત્યારે આસક્તિ આપોઆપ છૂટી જાય છે. તમે દુનિયામાં, આપણાં જીવનમાં જે થાય છે તેને માત્ર સાક્ષી બનીને જોઈ શકો છો .બધી જ વસ્તુઓ, વ્યક્તિના માલિક બનવાનો પ્રયત્ન કરવાની જરૂર સહેજ પણ નથી જ. કશું પણ તમારાં ભાવાવરણ પર ઉદ્વેગ ન જન્માવી જાય તે ચોક્કસ જોવું જરૂરી છે. આ બધુ ક્ષણિક અશક્ય લાગતું હોય ભલે પણ કેળવી શકાય છે. આજના સમયમાં જ્યાં સ્વાર્થ તરતો હોય છે, ત્યાં બુદ્ધિ ક્ષમતા અને સમજને સાથે લઈને જીવવામાં જ ભલાઈ છે. આસક્તિની રાખડી છોડીને નિર્મમ ભાવ દરેક વસ્તુ અને વ્યક્તિ માટે અપનાવી શકો તો પ્રસન્નતા સદાય તમારા મનમાં પ્રસરતી રહેશે.

ગમ ઔર ખુશી મેં ફર્ક ન
મહેસુસ હો જહાં...
મૈં દીલ કો ઉસ મુકામ પે
લાતા ચલા ગયાં....